# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૯ તા.૨૦-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.(૧૫ મી ઓગષ્ટ,૨૦૧૭ અને ૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૮)

સંદર્ભ :- એસ.એસ.એ./ એમ.એન.ડી./૨૦૧૭/૨૩૯૧૨-૯૫૩, તા.૧૨/૬/૧૭

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સને ૨૦૧૭ -૧૮ના GOG BUDGET EDN-10 અન્વયે ૨ (બે) વાલી સંમેલન કરવાની તથા તેના ડોકયુમેન્ટેશન કરવાની જોગવાઈ કરેલ છે. વાલી સંમેલન શાળા કક્ષાએ ૧૫ મી ઓગષ્ટ,૨૦૧૭ અને ૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ કરવાના થાય છે. સમાજ જાગૃતિ તથા જનજાગૃતિના સંદર્ભમાં વોર્ડના નાગરીકો, વોર્ડના કેળવણીકારો અને શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે, શાળાના વિકાસમાં જેટલો રસ લેતાં હશે, તેટલી શાળા જીવંત તથા સમૃધ્ધ બનશે. ઉપરાંત તમામ બાળકોને શાળામાં શિક્ષાણ માટે નિયમિત મોકલશે અને ગુણવત્તાયુકત શિક્ષાણની અનિવાર્યતા સમજશે. પરિણામે શાળા ધ્વારા સારા નાગરિકોનું ઘડતર થશે. ઘર એ પણ એક શાળા છે. જો વાલી જાગૃત હશે તો ઘરે બાળકોને સારા સંસ્કારોનું સિંચન કરશે આ બધા હેતુઓથી વાલી સંમેલનનું મહત્વ વધી જાય છે.

વાલી સંમેલનના એજન્ડા :-

- શાળામાં શિક્ષાણ પર વિચારણા અને ચિંતન.
- શાળા સ્વચ્છતા ટોયલેટ, સ્વચ્છ ખોરાક તેમજ ચોખ્ખું પાણી અંગે ચર્ચા.
- બાળકોના પ્રવેશ, નિયમિતતા, શિક્ષાણની ગુણવત્તા.
- શાળામાં WSDP. પર વિચારણા અને ચિંતન.
- ૬ થી ૧૪ વર્ષના વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામના આયોજન બાબત.
- વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો ની માહિતી, સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેનાં ઉપયોગની જાણકારી.
- ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન.
- ડ્રોપ આઉટ બાળકો માટે વિચારણા.
- કન્યા શિક્ષાણ માટે ચિંતન.
- સાંસ્કૃતિક પ્રવૃતિઓ, રમત-ગમતના કાર્યક્રમો બાબતે વિચારણા.
- વૃક્ષારોપણ, જળસંચય, ગ્રીનસ્કૂલ, સ્માર્ટસ્કૂલ, કમ્પ્યુટર લેબના યોગ્ય ઉપયોગ માટે વિચારણા.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

<u>વાલી સંમેલનમાં કોને બોલવશો :-</u>

- શાળામાં ભણતા બાળકોના વાલીઓ, એસ.એમ.સી. સભ્યશ્રીઓ, જે તે વિસ્તારના વડીલ વ્યકિતઓ, વોર્ડના રોલ - મોડેલ સમાન વ્યકિતઓ, વોર્ડ પ્રેરક અને કર્મઠ વ્યકિતત્વ ધરાવતા વ્યકિતઓ, વોર્ડના કેળવણીકારો.

પ્રથમ સત્રમાં તમામ એસ.એમ.સી.એ ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૭ ના સ્વાંત્રય દિન નિમિતે વાલી સંમેલન કરવાના રહેશે. બીજા સત્રના વાલી સંમેલનમાં તમામ એસ.એમ.સી.એ ૨૬ મી જાન્યુઆરી-૨૦૧૮ પ્રજાસત્તાક દિન નિમિત્તે એસ.એમ.સી. કક્ષાએ "દિકરીની સલામ દેશને નામ" કાર્યક્રમની ઉજવણી કરવાની રહશે. આ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે શાળાના પોકેટ એરીયામાં જેટલી દિકરીઓનો જન્મ થયો હોય તેટલી દિકરીઓ અને તેમના માતા-પિતાને અને શાળાના પોકેટ એરીયામાં સૌથી વધારે જે દિકરીઓનો ભણેલ હોય તેટલી દિકરીઓ અને તેમના માતા-પિતાને શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિ, ધ્વારા આ સાથે સામેલ આમંત્રણ પત્રિકા તૈયાર કરી મોકલી આપવાની રહેશે. કાર્યક્રમના ૧૦(દસ) દિવસ પહેલા આમંત્રણ આપી ૨૬ મી જાન્યુઆરી-૨૦૧૮ ના દિવસે સન્માનપાત્ર દિકરીને શાળા કક્ષાએ બોલાવી પ્રથમ હરોળમાં બેસાડી તેમનું સન્માન કરવું અને તેમને સ્મૃતિ ચિન્હ આપવું તેમજ શાળાના પોકેટ એરીયાની સૌથી વધુ ભણેલી દિકરીને મુખ્ય અતિથિ બનાવી તેની પાસે ધ્વજવંદન કરાવવું. જેમાં CWSN દિકરી જો હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

સદર પ્રવૃતિ માટે પ્રતિ શાળા દિઠ રૂ.૩૦૦/- એક સત્રના (સ્મૃતિ ચિન્હ, માતા-પિતાને આપવા માટે તથા શાળાના પોકેટ એરીયાની સૌથી વધુ ભણેલી દિકરી જે અતિથિ વિશેષ થનાર છે તેના માટે તથા દસ્તવોજીકરણ માટે ગ્રાન્ટની ફાળવણી એસ.એમ.સી. ખાતામાં જમા કરાવેલ છે.)

ખર્ચની ગણતરી :-

દરેક એસ.એમ.સી.ને એક વાલી સંમેલન માટે એક સત્રના સંમેલનના સરભરા ખર્ચ તરીકે રૂ.૨૦૦/- અને ડોકયુમેન્ટેશન માટે ખર્ચ રૂ.૧૦૦/- મંજૂર થયેલ છે. જેથી બે સત્રના કુલ રૂ. ૬૦૦/- શાળા દિઠ (એસ.એમ.સી.)ખર્ચ કરવાનો રહેશે. જે રકમ એસ.એમ.સી. ખાતામાં જમા કરાવેલ છે.

વાલી સંમેલન પૂર્ણ થયા બાદ અહેવાલ (નિયત ફોર્મેટમાં) અને ફોટોગ્રાફસ સી.આર.સી. કો.ઓ. ને દિન-૩ માં મોકલી આપવાના રહેશે. સી.આર.સી. કો.ઓ. સમગ્ર કલસ્ટરનું એકદંરીકરણ કરી યુ.આર.સી. કો.ઓ.ને મોકલી આપવાના રહેશે. યુ.આર.સી. કો.ઓ. ઝોનનું એકદંરીકરણ એ.ડી.સી.કોમ્યુનીટી મોબીલાઈઝેશનને મોકલી આપવાનું રહેશે. આ માહિતી રાજય સરકારમાં મોકલવાની હોવાથી ટોચ અગ્રતા આપી માહિતી સમયસર આપવાની રહેશે.

તા.૨૦-૭-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી